**મહે. ૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧ માં, અમદાવાદ શહેર.**

**ફો.કેસ નં. 160663/2024**

૧. આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અત્રેની કોટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ, તે નહીં માનવા માટે કોઇ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઇ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. ની કલમ–૨૮૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.
**સ્પેશિયલ સીટીંગ**

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૧, અમદાવાદ શહેર.
કોડ નં. જી.જે. ૦૧૦૩૭